# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-12-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા નવા ૧૦૦ ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવાની જાહેરાત
2. ગુજરાતમાં બૌદ્ધ મૂર્ત અને અમૂર્ત વારસાના સંરક્ષણ-સંવર્ધન વિકાસના ક્ષેત્રે રાજ્ય સરકાર અને થાઇલેન્ડની સંસ્થા વચ્ચે કરાર
3. ધોરણ બાર સામાન્ય પ્રવાહની પરીક્ષા હવે 13મીના બદલે 17મી માર્ચે પૂર્ણ થશે
4. ખેડા જીલ્લામાંથી પ્રતિબંધિત ચાઇનીઝ દોરી સાથે બે વ્યક્તિની ધરપકડ
5. આદિજાતી જન ઉત્કર્ષ મહોત્સવનું અંબાજી ખાતે સમાપન

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## 100 NEW BHOJAN VITARAN KENDRA-B.RAJPUT

શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું છે કે શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ આગામી સમયમાં નવા ૧૦૦ ભોજન વિતરણ કેન્દ્રો શરુ કરાશે. માત્ર 5 રૂપિયાના નજીવા દરે શ્રમયોગીઓને પૌષ્ટિક ભોજન પૂરું પાડતી "શ્રમિકઅન્નપૂર્ણા યોજના" હેઠળ અત્યારે ૧૯ જિલ્લામાં કુલ ૨૯૦ ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત છે.

એપ્રિલ-૨૦૨૪ થી અત્યાર સુધીમાં જ ૭૫.૭૦ લાખથી વધુ ભોજનનું અને કુલ ૨.૯૩ કરોડ રૂપિયાથી વધુનું ભોજનનું વિતરણ કરાયું. આ દરેક ભોજન પાછળ રાજ્ય સરકાર પ્રતિ ભોજન ૩૭ રૂપિયાની સબસીડી ચૂકવે છે. રાજ્યના ૧૯ જિલ્લામાં કુલ ૨૯૦ કડીયાનાકાઓ ખાતે આવા ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત છે.

--------------

## DHAMM YATRA

ગુજરાત આવેલી ચોથી ધમ્મયાત્રાના સભ્યોએ ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત લીધી હતી.

જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત ટુરિઝમ લિમિટેડ અને થાઈલેન્ડની બોધગયા વિજાલય-૭૪૦ સંસ્થા વચ્ચે કરાર થયા છે. ગુજરાતમાં બૌદ્ધ મૂર્ત અને અમૂર્ત વારસાના સંરક્ષણ-સંવર્ધન વિકાસના ક્ષેત્રે પરસ્પર સહયોગ લેવાશે.

મેકોંગ અને ગંગા સંસ્કૃતિ વચ્ચે સાંસ્કૃતિક તથા આધ્યાત્મિક જોડાણ સુદ્રઢ કરવાના આશય સાથે  ધમ્મયાત્રાનું આયોજન કરાયું છે. આ યાત્રા બીજી ડિસેમ્બરથી 10 ડિસેમ્બર દરમિયાન ભારતમાં ભ્રમણ કરી રહી છે. આ ધમ્મયાત્રા દરમિયાન રાજ્યમાં બુદ્ધિસ્ટ સર્કિટ અન્વયે વડનગર, દેવની મોરી તથા વડોદરાની મુલાકાત લીધી હતી..

--------------

## SAMPARK SETU

અમદાવાદ શહેરના જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અને અને શૈક્ષણિક સંકલન સમિતિના સંયુક્ત ઉપક્રમે 'સંપર્ક સેતુ' એપ્લિકેશનું લૉન્ચિંગ તેમજ 'પ્રશ્નબેંક-૨૦૨૫'નું વિમોચન થયું છે.

આ 'સંપર્ક સેતુ' એપ્લિકેશનના ઉપયોગથી વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ અમદાવાદ શહેરમાં સમાવિષ્ટ શાળાઓના સરનામાં અને ગૂગલ મેપિંગ લોકેશન તેમજ આચાર્યો તેમજ સંચાલકોનો સંપર્ક નંબર તેમજ ઈ-મેઈલ એડ્રેસ મેળવી શકશે. એપના માધ્યમથી પરીક્ષાઓ દરમ્યાન અમદાવાદ શહેરના કે અન્ય જિલ્લાના વિદ્યાર્થીઓને સરળતાથી શાળાનું સરનામુ તેમજ  ગૂગલ મેપિંગ લોકેશનથી સરળતાથી વિદ્યાર્થી પરીક્ષા સ્થળ પર પહોંચી શકશે.

આ પ્રસંગે 'પ્રશ્નબેંક-૨૦૨૫'નું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. જેમાં  ધોરણ-૧૦ના કુલ છ વિષયો, ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહના પાંચ વિષયો અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના આઠ વિષયોના ખૂબ જ અગત્યના પ્રશ્નો અને બે-બે વિષયવાર મોડેલ પ્રશ્નપત્રનો સમાવેશ થયો છે.

--------------

## WEATHER

રાજ્યમાં આગામી બેથી ત્રણ દિવસ સુધી ઠંડીનું મોજું યથાવત રહેશે, તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. દરમિયાન કચ્છના નલિયામાં આગામી 24 કલાક શીત લહેર યથાવત્ રહેશે તેવી પણ શક્યતા છે. જોકે  બે દિવસ બાદ પવનની દિશા બદલાતા રાજ્યમાં  ઠંડીનું જોર ઘટશે તેમ પણ હવામાન વૈજ્ઞાનિક પ્રદિપ શર્માએ જણાવ્યું હતું..

(બાઇટ- પ્રદિપ શર્મા, હવામાન વૈજ્ઞાનિક)

--------------

## GSHEB EXAM

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યયમિક  શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ બાર સામાન્ય પ્રવાહની ફેબ્રુઆરી 2025માં લેવાનારી પરીક્ષાના  કાર્યક્રમમાં ફેરફાર કરાયો છે. હવે આ પરીક્ષા 27 ફેબ્રુઆરીથી 17 માર્ચ સુધી  યોજાશે...

રાજ્ય સરકાર દ્વારા ધુળેટીની રજા 14મી માર્ચના રોજ જાહેર કરાતા હવે 17મી માર્ચના રોજ સંસ્કૃત, ફારસી, અરબી અને પ્રાકૃતના વિષયની પરીક્ષા યોજાશે.

બોર્ડ દ્વારા જાહેર કરાયેલી અન્ય એક યાદી અનુસાર ધોરણ નવના વિદ્યાર્થીઓની પ્રખરતા શોધ પરીક્ષાના આવેદનપત્ર ભરવાની છેલ્લી તારીખ દસમી ડિસેમ્બર એટલે કે આજે હતી, તે લંબાવીને હવે 13મી ડિસેમ્બરની કરવામાં આવી છે.

--------------

## VAV MLA SAPATH

બનાસકાઠાંના વાવ વિધાનસભાની પેટા ચૂંટણીમાં વિજેતા થયેલા ભાજપના સ્વરૂપજી ઠાકોરે શપથ લીધા હતા. ગાંધીનગર વિધાનસભા ખાતે અધ્યક્ષની ચેમ્બરમાં ધારાસભ્ય તરીકેના આ શપથ ગ્રહણ સમારંભમાં કેબિનેટ મંત્રીઓ પ્રદેશના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. શપથ ગ્રહણ કર્યા બાદ ધારાસભ્ય સ્વરૂપજી ઠાકોરે જણાવ્યું હતું કે તેઓ તેમના વિસ્તારના લોકોના પ્રશ્નો અને વિકાસકામોનું નિરાકરણ કરશે.

આ શપથગ્રહણમાં ઉપસ્થિત રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે ભાજપે વાવ બેઠક જીતવા કઠોર પરિશ્રમ કર્યો હતો અને વાવ બેઠકના વિજય સાથે જ આજે રાજ્યમાં ભાજપ 162 સીટો પર પહોંચી ગયો છે.

--------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## CHINESES DOORI

ઉતરાયણનું પર્વ જેમજેમ નજીક આવી રહ્યું છે, તેમતેમ પોલીસ પણ પ્રતિબંધિત ચાઇનીઝ દોરી વેચનારા સામે કડક હાથે કામગીરી કરી રહી છે.

ખેડા જિલ્લા પોલીસ દ્વારા અગાઉથી જ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. દરમિયાન કપડવંજથી આઇસર ટેમ્પામાં લઈ જવાતા 4 લાખ 18 હજારના એક હજાર 674 ચાઈનીઝ માંઝા મળી કુલ રૂપિયા 11 લાખ ઉપરાંતના મુદ્દામાલ સાથે બે આરોપીઓની ધરપકડ કરી છે. ખેડા જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયા દ્વારા લોકોના જીવને જોખમમાં મુકતા પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરવા લોકોને અપીલ કરાઇ છે.

(બાઈટ : રાજેશ ગઢીયા, એસ.પી. ખેડા )

-------------

# PUSTAKONU VIMOCHAN-CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના પાણી પુરવઠા, જળસંપત્તિ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગોની વિવિધ જનહિતકારી યોજના તથા સિદ્ધિઓના ‘સેવા સંકલ્પના બે વર્ષ’ પુસ્તકોના વિમોચન કર્યા. મુખ્યમંત્રી શ્રી પટેલની સરકાર આગામી 12મી ડિસેમ્બરે સફળ સુશાસનના બે વર્ષ પૂર્ણ કરી રહી છે, ત્યારે  પાણી પુરવઠા, જળ સંપત્તિ અને અન્ન નાગરિક પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાના માર્ગદર્શનમાં બે વર્ષમાં કરેલી વિવિધ જનહિતલક્ષી યોજનાકીય સુવિધાઓની વિસ્તૃત માહિતીસભર પુસ્તિકાઓ પ્રકાશિત કરાઇ છે.

આ પુસ્તિકાઓમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં  બે વર્ષમાં ૧ હજાર ૯૦ કરોડ રૂપિયાની વિવિધ યોજનાઓના લોકાર્પણ અને ૨ હજાર ૪૫ કરોડ રૂપિયાના ખાતમુહૂર્ત કામો થકી  છેવાડાના અંતરિયાળ ગામો સુધી પાણી પહોંચા ડવા જેવા લોકહિતના થયેલા કાર્યોનો ઉલ્લેખ કરાયો છે.

આ વિમોચન પ્રસંગે મંત્રી કુંવરજી બાવળીયા, રાજ્યમંત્રી ભીખુસિંહ પરમાર તથા રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ સહિત મંત્રીમંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

-------------

# BIRSA MUNDA-KUBER DINDOR-AMBAJI

બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લાના અંબાજી ખાતે શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરના અધ્યક્ષસ્થાને આદિજાતિ જન ઉત્કર્ષ મહોત્સવ - ૨૦૨૪નો સમાપન કાર્યક્રમ યોજાયો.

આ પ્રસંગે  મંત્રીશ્રીએ જણાવ્યું કે, કેન્દ્ર સરકારે આદિવાસી સમાજને માન, મોભો અને સન્માન અપાવ્યું છે. તેમણે સરકારની વિવિધ યોજનાઓને  ટાંકીને ઉમેર્યું કે આ યોજનાઓ થકી આજે આદિવાસી સમાજ મુખ્ય ધારામાં આવી રહ્યો છે.

( બાઇટ- કુબેર ડીંડોર, શિક્ષણ મંત્રી )

આ કાર્યક્રમમાં  મંત્રીશ્રી અને મહાનુભાવોએ  વિવિધ યોજનાઓના લાભાર્થીઓને લાભનું વિતરણ તથા તેજસ્વી તારલાઓનું સન્માન કર્યું હતું.

--------------

## RAKTPITT NIRMOOLAN KAARYAKRAM

રાજ્યભરમાં આગામી 12 ડિસેમ્બરથી 21  ડિસેમ્બર દરમિયાન ‘રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ’ યોજાશે. નાગરિકોમાં રક્તપિત્ત રોગ અંગે વધુ જાગૃતિ આવે અને તેની વિનામૂલ્યે સારવાર મળી રહે તે માટે રાજ્યના ૨૧ લો એન્ડેમીક જિલ્લાના નિયત ૧૬૪ તાલુકાઓ તથા ૬ કોર્પોરેશનમાં આ કાર્યક્રમ ચલાવવામાં આવશે, તેમ આરોગ્ય વિભાગની યાદીમાં  જણાવાયું  છે.

આ કાર્યક્રમ હેઠળ  છેલ્લા ૫ વર્ષમાં સૌથી વધુ રક્તપિત્તના કેસ નોંધાયા હોયતેવા વિસ્તારમાં આશાઅને પુરુષ વોલેન્ટીયર્સની ટીમ  દ્વારા લોકોના ઘરે ઘરે

જઈને  રકતપિત્ત અંગે સમજ આપી તમામ સભ્યોની તપાસ કરાશે. જે વ્યક્તિને રક્તપિત્તના   શંકાસ્પદ ચિન્હો જણાય તેને નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, અથવા સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને હોસ્પિટલ પર નિદાન અને  સારવાર માટે મોકલી આપવામાં આવશે, તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

--------------

## GOVINDGURU UNI. PADVIDAAN SAMAROH

રાજયપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને આવતીકાલે ૧૧ મી ડિસેમ્બરના રોજ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીનો છઠ્ઠો પદવીદાન સમારોહ  વિંઝોલ ખાતે યોજાશે. આ પદવીદાન સમારંભમાં પી.એચ.ડી. ના ૭૦  વિદ્યાર્થીઓ અને ૪૭ સુવર્ણચંદ્રક વિજેતા વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાશે.

આ કાર્યક્રમમાં રાજ્યના વિવિધ મંત્રીઓ, અગ્રણીઓ તેમજ  સંલગ્ન કોલેજના આચાર્ય, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે, તેમ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના કુલસચિવ દ્વારા એક યાદીમાં જણાવાયું  છે.

--------------